Volume-05
Issue-07
July-2020

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[Peer Reviewed Journal]
DOI: https://doi.org/10.31305/rrijm.2020.v05.i07.019

# મીડિયા અને મહિલાઓ

Rashmi Prajapati

*Ph.D. Scholar, Gujarat University, Ahemdabad*

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 15 July 2020

**Keywords**
*પ્રિંટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા, મહિલા સશક્તિકરણ, નારીવાદ.*

***Corresponding Author**
*Email: rashmimistri2007[at]gmail.com*

**ABSTRACT**

*ભારતમાં 19 મી સદી સમાજ સુધાર આંદોલન અને મીડિયાના ફેલાવાની સદી રહી છે. જેમાં કેન્દ્રમાં મહિલા પણ છે. અને આ સુધાર મુલક વિચારો ઘણે અંશે મીડિયાને આભારી છે. મહિલાઓના સુધાર મૂલક વિચારોનો પ્રસાર કરવામાં પ્રિંટ મીડિયાનો મહત્વનો ભાગ રહ્યો છે, જેમકે સતીપ્રથાનાં વિરોધમાં બંગદૃત પત્રિકા શરૂ થઈ, બ્રહ્મ સમાજના સંરક્ષણ માટે મહિલા પત્રિકા બામાબોધિની શરૂ થઈ, સ્ત્રી દર્પણ નામની પત્રિકા સ્ત્રીવાદી આંદોલનની મુખ્ય પત્રિકા બની. આ સિવાય પ્રભા, માધુરી, મર્યાદા, સુધા વગેરે... જેવી પત્રીકાઓમાં પણ સ્ત્રીનો અવાજ બુલંદ થવા લાગ્યો.*

*ઈલેક્ટ્રોનિક મીડિયામાં પણ મહિલાઓની છબી ઉપસેલી રહી. જેમા ભારતીય મહિલાની ભૂમિકા દાદાસાહેબ ફાળકેની ફિલ્મ રાજા હરીશ્ચંદ્ર (1993) થી શરૂ થઈ. ત્યાર પછી સત્યવાન સાવિત્રી, અહલ્યા ઉદ્ધાર, સતી પદ્મિની, સતી તારા, અન્નપુર્ણા જેવી ફિલ્મોમાં સ્ત્રીની ત્યાગ મુર્તિ, શ્રદ્ધાની દેવી, આદર્શ નારી, પતિવ્રતા જેવી છબી ઉભરાતી દેખાય છે. મધર ઈન્ડિયા, આંધી, ભૂમિકા, દામિની, લજ્જા વગેરે જેવી ફિલ્મો ભારતની સમાજની સ્ત્રીનું મહત્વપુર્ણ સ્વરુપનું વર્ણન કરે છે. આ સિવાય બાલ વિવાહ, અનમેલ વિવાહ, પરદાપ્રથા, અશિક્ષા વગેરે જેવી ફિલ્મો નારી જીવનથી સંબંધિત સમસ્યાઓને ઉજાગર કરે છે. અનારકલી, દેવદાસી, બાલવિધવા, સ્ટેજગર્લ, નર્તકી તારા, લેડી ટીચર વગેરે ફિલ્મોમાં મહિલાઓની પૌરાણિક ભૂમિકાથી ભિન્ન માનવીય છબી જોવા મળે છે. ધૂલ કા ફુલ, હરે કાંચકી ચુડિયા, જૂલી, ત્રિશુલ, કુંવારી માં વગેરે ફિલ્મોમાં પણ સ્ત્રીનું ચરિત્ર લોકપ્રિય રહ્યું. દામિની, ચાંદની બાર, નો વન કિલ્ડ જેસીકા, ધ ડર્ટી પિક્ચર, કહાની વગેરે જેવી આજની નારી પ્રધાન ફિલ્મોએ પણ નારીની સંવેદનાને વાચા આપી છે.*

*આ સિવાય ટેલિવિઝનના ટચુકડા પડદા પર પણ સ્ત્રીઓની ભૂમિકા મહત્વની રહી છે. જેમાં હમલોગ જેવી પારિવરિક સિરિયલ તેમજ રજની સિરિયલમાં ભ્રષ્ટાચાર, બેઈમાની, અને ઘરેલુ હિંસાના વિરોધમાં ઉભેલ આ નાયિકા સમાજ સુધારકની છાપ ઉભી કરે છે. અધિકાર સિરિયલ પણ સ્ત્રીઓના અધિકારો પર બનાવેલ સિરિયલ છે. આ સિવાય ઉડાનમાં પછાત ગામમાં પ્રચલીત સ્ત્રી ભ્રુણ હત્યા અને કુરિવાજો વિરુદ્ધ બળવો કરનાર સ્ત્રીની ભૂમિકા જોવા મળે છે. પુકાર, હમરાહી જેવી સિરિયલમાં પણ સ્ત્રીની ભૂમિકા મહત્વની છે. આ સિવાય એકતા કપુરની સિરિયલ ક્યુંકી સાસ ભી કભી બહુ થી, કહની ઘર ઘર કી, કસોટી જિંદગી કી, પવિત્ર રિશ્તા, હમ પાંચ વગેરે પણ નારી પ્રધાન કહી શકાય. આ સિવાય બાલિકા વધુ માં બાલ વિવાહ અને તેના દુષ્પરિણામો વિશેની વાત છે. આ સિવાય દિયા ઓર બાતી હમ, સાથ નીભાના સાથિયા, કુમ કુમ ભાગ્ય વગેરે જેવી સિરિયલો પણ ટચુકડે પડદે મહિલાઓની સ્વાયતતા અને આત્મનિર્ભરતાના દર્શન કરાવે છે.*

*આમ, અહિં પ્રિંટ મીડિયાનાં સામાયિકો, પત્રિકાઓ અને લેખો દ્વારા તેમજ ઈલેક્ટ્રોનિક મીડિયામાં ફિલ્મો, ટીવી સિરિયલો દ્વારા સ્ત્રીની ભૂમિકા, સ્વરુપ, અધિકારો અને તેના સ્થાનનું સંક્ષિપ્ત નિરુપણ કરવામાં આવ્યુ છે.*

**પ્રસ્તાવના :**

વર્તમાન સમયમાં પુસ્તક, પત્રિકા, સમાચાર પત્ર, રેડિયો, ટેલિવિઝન, ફિલ્મ વગેરે મીડિયાના પ્રસ્તુતીકરણના રુપમાં જોવા મળે છે. જે આજે ફક્ત શહેરોમાંજ નહિ પરંતુ ગામડાઓમાં પણ વિસ્તરણ પામ્યુ છે. વળી ઈન્ટરનેટનાં પ્રસરણને કારણે તો તેને વધુ વેગ મળ્યો છે. આજે માત્ર શ્રીમંતો જ નહિ પરંતુ ભારતનો દરેક વર્ગ ભલે તે ઉચ્ચ વર્ગ હોય કે નિમ્ન વર્ગ તે મીડિયાના પ્રભાવથી દુર નથી. બીજી રીતે કહીએ તો આજે દેશનો પુરુષ જ નહિ પરંતુ મહિલા પણ આ ક્ષેત્રે ઘણી આગળ આવી છે. અને વળી સ્ત્રીઓની સ્થિતિમાં સુધારો પણ આ મીડિયા દ્વારા જ આવેલ છે તેમ કહિએ તો નાનમ નથી. જેમ કે મધ્યયુગનાં ઈતિહાસમાં જોઈએ તો સ્ત્રીને માત્ર એક વસ્તુ ગણવામાં આવતી હતી અને પુરુષવાદી માનસિકતામાં સ્ત્રીની સામાજિક દખલગીરીને સ્વીકારવામાં આવતી નહતી. સ્ત્રીની આ સ્થિતી પર નવા વિચારો, મુદ્રણ પ્રણાલીનો વિકાસ અને સંચારમાધ્યમનો ઉદય જેવા પરિબળો દ્વારા બદલાવ આવવા લાગ્યો. વળી ભારતીય પરીપ્રેક્ષ્યમાં જોઈએ તો 19મી સદી સમાજસુધારા આંદોલન અને મીડિયાનાં ફેલાવાની સદી જોવા મળે છે જેમાં કેન્દ્રમાં મહિલાઓ પણ છે. ભારતીય મહિલાઓના સુધારમુલક વિચારોનો પ્રસાર મિડિયા દ્વારા થયો. જેમાં શરુઆતમાં પ્રિંટ મિડિયાનો ફાળો મહત્વપુર્ણ હતો. જેમાં પુસ્તકો, સમાચાર પત્રો અને પત્રિકાઓ કે સામાયિકો દ્વારા ભારતમાં સતીપ્રથા, બાળવિવાહ, દહેજપ્રથા જેવા કુરિવાજોનો વિરોધ પ્રગટ થયો. અને મહિલા સશક્તીકરણને વેગ મળ્યો. વળી સ્ત્રીઓ

RRIJM 2015, All Rights Reserved

પોતે પણ તેમાં ભાગીદાર બનવા લાગી. ઈલેકટ્રોનિક મીડિયા એ પણ સ્ત્રીની છબી નિર્માણ સાથે સાથે તેને સશક્ત બતાવવાનું કામ કર્યુ છે. શરુઆતમાં મર્યાદા અને કશ્મકશ સાથે ફિલ્મો અને ટેલિવિઝન ક્ષેત્રે સ્ત્રીઓએ પ્રવેશ કર્યો અને સ્ત્રીઓ માટે આ ક્ષેત્રના દરવાજા ખોલી નાખ્યા. પરિણામે સ્ત્રીઓએ આજે દેશ-દુનિયા માં પોતાની એક અલગ ઓળખ ઉભી કરી છે. મહિલાઓએ ફીલ્મોની સાથે સાથે ટેલીવિઝન જેવા ટચુકડા પડદા પર પણ પાછળ નથી. ટેલીવિઝન ના માધ્યમ દ્વારા આજે સ્ત્રીઓએ પોતાની આગવી ઓળખ ઊભી કરવાની સાથે સાથે તેના દ્વારા સમાજમાં પ્રવર્તમાન રિવાજો પર પણ આકરા પ્રહાર કરી સમાજસુધારણા નું કામ કર્યુ છે.

**પ્રિંટ મીડિયા અને મહિલાઓ** :

પ્રિંટ મીડિયામાં પુસ્તક, પત્રિકા, સમાચાર, પત્ર, કે મેગેઝીનનો સમાવેશ થાય છે. ૧૯મી સદીમાં તેમાં મહિલા સુધાર મુલક વિચારોનો પ્રચાર અને પ્રસાર થયો. રાજા રામમોહનરાય જેમાં અગ્રેસર હતા. જેમણે સતીપ્રથાનો વિરોધ કર્યો અને બંગદુત સાપ્તાહિકનું પ્રકાશન કર્યુ. ત્યાર પછી સ્ત્રી શિક્ષણની પહેલી પુસ્તક બંગાળી ભાષામાં 1819માં લખવામા આવી. જેના લેખક હતા ગુરુમોહન વિદ્યાલંકર તેનું પ્રકાશન કન્ય બાળ સમિતિ, કલકત્તા દ્વારા 1920માં થયું (રાધાકુમાર, સ્ત્રી સંઘર્ષકા ઈતિહાસ-1800-1900, વાણી પ્રકાશન પેજ 38) પુસ્તક દ્વારા સ્ત્રીઓની દશા સુધારવાની શરુઆત પુરુષો દ્વારા થઈ જેમણે પિતૃસત્તાના માળખાને સુરક્ષીત રાખતા સ્ત્રી દશાને સુધારવાનો પ્રયત્ન કર્યો. સ્ત્રીઓનું વાસ્તવિક આંદોલન 19મી સદીના અંતિમ દાયકામા શરુ થયું જ્યારે પંડિતા રમાબાઈ, રમાબાઈ રાનડે, આંનદીબાઈ જોશી, સરોજની, એની જગન્નાથન, રુકમાબાઈ વગેરે તેમાં સક્રિય બની કાશીબાઈ કાનિતકરે(પહેલી મહિલા ઉપન્યાસકાર) 1890નાં દાયકામાં લેખન શરુ કર્યું. આજ અરસામાં માઈ ભગવતી (હરીયાણા) જે આર્યસમાજ સાથે જોડાયેલ મહિલા ઉપદેશીકા હતી તેમણે વિશાળ જનસભાને સંબોધિત કરી. જે દૈનિક ટ્રિબ્યુને તેની રીપોર્ટ છાપી. ત્યાર પછી ઘરેલુ કામકાજથી બહાર નીકળીને વ્યાપક સ્તરે મહિલાઓની પ્રિંટ મીડિયામાં ઉપસ્થિતી નોંધપાત્ર રહી જેમ કે બ્રહ્મસમાજના સંરક્ષણ માં એક મહિલા પત્રિકા ‘વામાબોધિની’ 1863માં શરુ થઈ. તેજ રીતે ભારતેંદુ હરીશ્ચંદ્રે સ્ત્રી શિક્ષણ હેતુ 1874માં ‘બાલા બોધીની’ પ્રકાશન શરુ કર્યુ. ત્યારબાદ રામેશ્વરી નહેરુ એ 1909 માં પ્રયાગ મહિલા સમિતિ રચી અને ‘સ્ત્રીદર્પણ’ નામની ગંભીર પત્રિકા ની શરુઆત કરી જે ભારતના નારીવાદી આંદોલનની મુખ્ય પત્રિકા બની તે વખતે ભારતમાં સ્ત્રીઓમાં પરદા પ્રથા, વિધવા વિવાહ, બાળ વિવાહ, મૃતસ્ત્રીક પ્રથા, સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી રાજનૈતિક અધિકારો જેવી મુખ્ય છ સમસ્યાએ ચર્ચિત હતી.

આ બધા વિષયો પર વિપુલ સામગ્રી આ પત્રિકામાં છપાતી હતી. શ્રીમતી સત્યવતીની ‘સ્ત્રીયા ઔર પરદા’ જુન 1977 માં અને શ્રીમતી સૌભાગ્યવતીએ, ‘આધુનિક પરદા પ્રણાલી તથા ઉનસે હાનિયા’ ઓગષ્ટ 1918 જેવા લેખો લખ્યા. આમ સ્ત્રીદર્પણમાં અનેક લેખો છપાયા મૃતસ્ત્રી વિવાહ એટલે પત્નિના મર્યા પછી પુરુષના બીજા લગ્ન, જેના પર એક લેખ હુકમાં દેવીનો ઓગષ્ટ 1917માં સ્ત્રીદર્પણમાં પ્રકાશીત થયો. આ સિવાય વિધવા વિવાહ માટે પણ સ્ત્રીદર્પણમાં રામેશ્વરી નહેરુ એ એક લેખ મે-જુન 1919માં લખ્યો. આ સિવાય સરસ્વતી અને મર્યાદા જેવી પત્રિકાઓમાં પણ સ્ત્રીનો અવાજ બુલંદ થવા લાગ્યો.

આ સિવાય હરિશ્ચંદ્રિકા, ભારતમિત્ર, સાર સુધાનિધિ, ઉચિત વક્તા, હિંદી બંગવાસી, કવિવચનસુધા એ 19મી સદીના ઉતરાર્ધમાં તથા સરસ્વતી, સમલોચક, દેવનાગર, કર્મયોગી, દ્વંદ્વ, મર્યાદા, પ્રતાપ, પ્રભા, સ્ત્રીદર્પણ, ચાંદ, માધુરી, સુધા, વિશાળ ભારત અને જાગરણ, આજ, આદર્શ, ભારત મિત્ર, વગેરે 20 મી સદીના પુર્વાર્ધની મહત્વપુર્ણ પત્રિકાની મદદથી મહિલા વિચાર પ્રકાશિત થતા રહ્યા. મહિલા સંબધિત વિચારોની માર્ગદર્શક પંડિતા રમાબાઈ, રમાબાઈ રાનડે, આંનદીબાઈ જોશી, ફેકીના સોખજી, સ્વર્ણ કુમારી, રસ્તમજી ફરીદુનજી, હેરાબાઈ, ટાટા, દુર્ગાબાઈ દેશમુખ, રાજકુમારી અમૃતકૌર, વિજયાલક્ષ્મી પંડિત, કમલાદેવી ચટ્ટોપાધ્યાય, બેગમ સરીફા હામિદ અલી, સરોજની વગેરે મહિલાઓ હતી. ધીરે ધીરે સાપ્તાહિક અને માસિક લેખોની સાથે સાથે દૈનિકનો પણ વિકાસ શરુ થયો. આઝાદીના પહેલા દશકામાં મહત્વપુર્ણ દૈનિકોમાં નઈ દુનિયા, રાષ્ટ્દુત, નવયુગ, પંજાબકેસરી, વીરઅર્જુન, નવભારત, સ્વતંત્રભારત, વગેરે મુખ્ય હતા. ત્યારે કામકાજી મહિલાનો એકવર્ગ પણ આ સમયે બહાર આવ્યો તે સમયે દિનમાન, સાપ્તાહિક હિંદુસ્તાન, ધર્મયુગ જેવી પત્રિકાઓમાં સૌંદર્ય પ્રસાધન અને સ્ત્રીઓ, સ્ત્રી-પુરુષ સંબંધ, ભારતીય નારી અને પશ્ચિમીનારી તથા સ્ત્રીઓ ની રાજનીતિક સક્રિયતા સંબંધિત લેખ પ્રકાશિત થયા.

**ઈલેક્ટ્રોનિક મીડિયા અને મહિલા :**

**ભારતીય ફિલ્મોમાં મહિલાઓ :**

ઈલેકટ્રોનિક મીડિયામાં ફિલ્મ રેડિયો, ટીવી, ઈન્ટરનેટમાં મહિલાઓની છબીનું નિર્માણ પ્રિંટ મીડિયાથી જુદી રીતે થયું. ઈલેકટ્રોનિક માધ્યમમાં સિનેમામાં ભારતમાં સૌથી પહેલા 1896માં શરુ થયું પરંતુ સ્ત્રી ભાગીદારીની શરુઆત દાદાસાહેબ ફાળકેની મૂક ફિલ્મ રાજા હરીશ્ચંદ્ર 1913થી શરુ થઈ. જેનું મુખ્ય સ્ત્રી ચરિત્ર રાણી તારામતીનું પાત્ર અન્ના સાબુન્કે ભજવે છે, જે ઉચ્ચ આદર્શ, પતિવ્રતા, ત્યાગની મુર્તિ, કષ્ટસહનારી, મમતામયી માં ની પ્રતિમા બતાવવામાં આવી છે. 1931 સુધી મૂક ફિલ્મો બની જેમાં લગભગ 1200 ફિલ્મો બની. તેમાં મોટાભાગની ભારતીય પરંપરાઓ કે દંતકથાઓ પર બની.

RRIJM 2015, All Rights Reserved 

જેમાં શ્રી કૃષ્ણ જન્મ, કાલિયા મર્દન, લંકા દહન, સુકન્યા સાવિત્રી, ભસ્માસુર મોહિની, સત્યવાન સાવિત્રી, અહલ્યા ઉદ્ધાર,વિશ્વમિત્ર મેનકા, રુકમણી સત્યભામા, સતી પાર્વતી, શકુન્તલા, સતી સુલોચના, ઉર્વશી, રત્નાવલી, સતી અંજના, સતી પદ્મિની, સતીતારા, જાનકી સ્વયંવર, દ્રોપદી કૃષ્ણ, અન્નપુર્ણા જેવી મૂક ફિલ્મો માં સ્ત્રીની સિનેમાઈ છબી ઉપસી છે. જેમા સ્ત્રી શ્રદ્ધાની દેવી, ઉચ્ચતર આદર્શનારી, પ્રતિવ્રતાના રુપમાં જોવા મળી અને આ સમયે આપણે પ્રિંટ મીડિયામાં જોઈએ તો સ્ત્રીની રાષ્ટ્રવાદી ચેતનાનો વિકાસ અને તેનો ક્રાંતિધર્મ જોવા મળે છે. ત્યારના સ્ત્રી લેખોમાં પોતાના અધિકારો પ્રતિ જાગૃતતા જોવા મળે છે. આ સમયે અનારકલી, આર્ય મહિલા, આઝાદ અબલા, બાળ વિધવા, બહાદુર બેટી, દેવદાસી, સ્ટેજગર્લ, ટાઈપીસ્ટ ગર્લ, નર્તકી તારા, લેડી ટીચર, વગેરે ફિલ્મોના સ્ત્રીઓની પૌરાણિક થી જુદી માનવીય યથાર્થની ભૂમિકા જોવા મળી. 1935માં દેવદાસ ફિલ્મમાં પાર્વતી પ્રેમ અને પરંપરા વચ્ચે પીસાતી રહે છે અને એક શ્રીમંત વૃધ્ધ ની ધર્મપત્ની ની ફરજ નિભાવતી રહે છે. દેવદાસમાં અમીરી-ગરીબીના તણાવ પર રચાયેલ અછુત કન્યાનો બ્રાહ્મણ પ્રતી પ્રેમ દેખાડેલ છે જે જ્ઞાતિગત રુઢિઓ ના કારણે પુરો થતો નથી, આમ અહી સ્ત્રીને ત્યાગ, બલિદાનની મુર્તિના રુપે દર્શાવાય છે. 1940ની ફિલ્મ ઔરતમાં સ્ત્રીની સ્વાભિમાની અને આર્થિક આત્મનિર્ભરતા, અને પારીવારીક ફરજોને દર્શાવવામાં આવી છે. જે સ્ત્રી સશક્તીકરણ નું મહત્વપુર્ણ સંકેત બની જે આગળની ફિલ્મો માટે પ્રેરણારુપ બની. કહેવાય છે કે મહેબુબખાને પોતાની આ ફિલ્મને મધર ઈન્ડિયા માં વિસ્તૃત કરી. સિનેમામાં સ્ત્રીની ભૂમિકાને ઉજાગર કરતી એક પ્રામાણિક ફિલ્મ મધર ઈન્ડિયા 1957માં આવી. જે ભારતીય સમાજના એક મહત્વપુર્ણ સ્ત્રીમાં માં નુ સ્વરુપનું નિરુપણ કર્યુ. જેમાં આદર્શ માતૃત્વ રાધા(નરગિસ) માં જોવા મળે છે. સાથે જ પોતાના આત્મસન્માનની રક્ષા અને સંઘર્ષશીલતાના ગુણ પણ જોવા મળે છે. માં નામની ફિલ્મમાં પણ આ રીતનુ જ પાત્ર દેખાડવામાં આવેલ છે. આ સિવાય બેટા ફિલ્મમાં (પારકી) માનું નકારાત્મક સ્વરુપ દેખાડવામા આવેલ છે.

આ સિવાય કુંવારી માનું ચરિત્ર પણ હિંદી ફિલ્મોમાં લોકપ્રિય રહ્યું જેમાં ધુલ કા ફુલ, હરે કાંચ કી ચુડીયા, જુલી, ત્રિશુળ, લાવારિસ વગેરે ફિલ્મોમાં સ્ત્રીનું કુંવારી માંની ભૂમિકાના રુપમાં ચિત્રણ કરવામાં આવ્યું છે. સ્ત્રીની આ ભૂમિકામાં તે નાસમજ અને લાગણીશીલ રહી. આ સિવાય બાલવિવાહ, અનમેલ વિવાહ, પરદા પ્રથા, અશિક્ષા વગેરે નારી જીવન સંબંધિત સમસ્યાઓને ઉજાગર કરતી અનેક ફિલ્મો આવી. આંધી અને ભૂમિકા પણ ભારતીય સમાજની મહત્વપુર્ણ સ્ત્રી સ્વરુપનું વર્ણન કરતી ફિલ્મો હતી.

1993માં દામીની ફિલ્મમાં પણ નારી સશક્તિકરણનું ચરિત્ર દેખાડવામાં આવ્યું છે. જેમાં એક નારી પોતાના સન્માનની લડાઈ લડવામાં પોતાના પતિથી પણ અલગ રહે છે અને સમાજમાં થતા અત્યાચાર વિરુદ્ધ લડે છે. ફિલ્મ બોમ્બેમાં મુસ્લિમ છોકરી હિંદુ છોકરા સાથે લગ્ન કરે છે અને ત્યારપછી ઉભી થતી મુશ્કેલીઓને દેખાડવામાં આવી છે.1998-99 માં ગોડમધર, હમ દિલ દે ચુકે સનમ, તાલ, હજાર ચોરાસી કી માં, દિલ સે વગેરે જેવી ફિલ્મો એ નારીના ઘણાબધા ચરીત્રો રજુ કર્યા જેના સામાજિક બંધનોને સીધી કે આડકતરી રીતે તોડ્યા.

21મી સદીની શરુઆતમાં જ ક્યાં કહેના, મિ. એન્ડ મિસીસ અય્યર, મોનસુન વેડિંગ, લજ્જા, ચાંદનીબાર, જેવી ફિલ્મોએ ભારતીય સમાજની પોલ ખોલી નાખી. જેમાં નારી સ્વતંત્રતા પર પ્રહાર થયા. લવ આજ કલ, ઈશ્કીયા, નો વન કિલ્ડ જેસીકા, બેંડ બાજા બારાત, અંજાના અંજાની, જેવી ફિલ્મોએ નારી ચરીત્રને નવી દિશા અને પરિભાષા આપી જેમાં તેઓ પોતાનુ જીવન સ્વતંત્રતાથી જીવે છે. ચકદે ઈન્ડિયા, શેર, મેરીકોમ, મહેંદી, દિલ બોલે હડિપ્પા જેવી ફિલ્મોએ સ્ત્રીઓના ચરિત્રને મજબુત બનાવ્યું છે. ધ ડર્ટી પીક્ચર, અને કહાની, વન-ટુ વિદ્યાબાલનની ભૂમિકા પણ નારીનાં જીવનના પડકારો દર્શાવે છે જે નારી સંવેદનાને વાચા આપે છે.

## ટેલીવિઝનમાં મહિલાઓ :

ભારતમાં ટી.વી. કાર્યક્રમોનું પ્રસારણ 1960 પછી વ્યવસ્થિત રુપે શરુ થયું ટેલીવિઝન પર સ્ત્રીઓના વિવિધ સ્વરુપ નિર્મિત થયા જે સચ્ચાઈથી ઘણા નજીક હતા. હમલોગ સિરીયલના માધ્યમથી પારિવારીક મુલ્યોની સ્થાપના કરવાનો પ્રયત્ન દેખાડવામાં આવ્યો. જેમાં સંયુક્ત પારિવારીક જીવન તેમાં આવતી મુશ્કેલીઓ, સંઘર્ષ, પારંપરીક મુલ્યો અને આધુનિક મુલ્યોનો ટકરાવ વગેરે મુલ્યો જોવા મળ્યા. આ સિરીયલ તે સમયે અત્યંત લોકપ્રિય રહી. વળી તેમાં સંયુક્ત પરિવાર અને સિદ્ધાંતવાદી સ્ત્રીઓની ભૂમિકા અને સંઘર્ષે સ્ત્રી સશક્તિકરણની દિશા બદલી. જેના કારણે કારણે નિમ્ન મધ્યમવર્ગીય પરિવારોની છોકરીઓ અને સ્ત્રીઓના વાસ્તવિક જીવન પર પણ પ્રભાવ પડ્યો. તેમાં સહનશીલ અને સખત મહેનત કરતી માતા અને તેની ત્રણ પુત્રીઓ હોય છે સૌથી મોટી પુત્રી નારીવાદી છે તે દહેજ વિરોધી, ક્રાંતિકારી વિચાર ધરાવતી હોય છે. નીચલા મધ્યમવર્ગમાં જીવતો આ પરિવાર દૈનિક જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરે છે. બીજી એક સિરીયલ 'રજની' 1985માં નાયિકા રજની ભ્રષ્ટાચાર, બેઈમાની અને ઘરેલુ હિંસા ના વિરોધમાં ઉભી રહી જે સમાજસુધારકની છાપ ઉભી કરે છે. ભ્રષ્ટ ઓફિસરો, બેઈમાની અને પત્નિને ત્રાસ આપનારા પતિઓને પાઠ શીખવાડનાર મહિલાની ભૂમિકા રજનીના રુપમાં ટેલીવિઝન પર પહેલીવાર જોવા મળી. 1987માં

બુનિયાદ નામની સીરીયલ આવી જેમાં હવેલીરામ (માસ્તરજી) અને લાજોના સંબંધની કથા છે. લાજો એક યુવા વિધવા હતી અને હવેલીરામ પંજાબના સ્વાધીન સેનાની તથા સમૃધ્ધ પરિવારના સભ્ય જે લાજો સાથે વિવાહ કરે છે ત્યારે તેને પરિવાર છોડવો પડે છે અને લાજોની સંઘર્ષયાત્રા અહીથી શરુ થાય છે. લાજો પારંપારિક મુલ્યો છોડી શકતી નથી. બુનિયાદમાં સ્ત્રીની એવી ભૂમિકા પ્રસ્તુત થઈ છે જેમાં પોતાના ભવિષ્ય પ્રતી જાગૃતતા અને આત્મનિર્ભરતાને મેળવવા બેચેન સ્ત્રીનું પાત્ર જોવા મળે છે. સ્ત્રી અધિકાર દર્શાવતી સ્વયંસિદ્ધ ઉડાન-1 અને 2, 1991 દરમ્યાન દુરદર્શન પર પ્રસારિત થઈ હતી. જેની નાયિકા કલ્યાણી પોતાના પિતાની પ્રેરણાથી ઈમાનદાર તથા તાકતવર પોલિસ અધિકારી બને છે પાંજરામાંથી મુક્ત થતી ચકલીનું દ્રશ્ય તેના દરેક એપીસોડની શરુઆતમાં આવે છે જે કલ્યાણીની સશક્તિકરણ દર્શાવતું હતુ. એ રીતે 'અધિકાર' 1988માં પણ સ્ત્રીઓની છબી નિર્માણની પ્રક્રિયા ચાલુ રહી અને હમરાહી 1990 પણ સ્ત્રીઓના અધિકારોને દેખાડનાર સીરિયલ હતી.

કલર્સ ટીવી પર ઉડાન 2014માં આઝાદગંજ ગામમાં નારાયણ રાજવંશીના બંધુવા મજુરોની વાત છે. જેમા એક નાનકડી છોકરી ચકોરને ગિરવી રાખવામાં આવે છે. તે નાનપણથી જ આ પ્રથા સામે લડવાની, ગુલામીની બેડીઓ તોડવાની અને અત્યાચારો દૂર કરવાનો પ્રયાસ કરે છે.આમ, તેમાં ચકોરના સંઘર્ષ અને સાહસની વાત છે. તેવી જ ગ્રામીણ સમુદાયની એક સીરિયલ - ના આના ઈસ દેશ 'લાડો' જેમા અમ્માજી નામની પ્રબળ ગામ શાસન કરનારી સ્ત્રી અને વિરપુરના ડૅાકટરની પુત્રી સિયા ની વાત છે. અમ્માજીની દુષ્ટ સંસ્કૃતિઓ અને કુરિવાજો વિરુદ્ધ બળવાખોર સિયાની સ્ત્રીભૃણ હત્યા ના પ્રચંડ વિરોધ અને મહિલાના અધિકાર માટેની લડાઈનું ચિત્રણ રજુ કર્યું છે.

સ્ટાર પ્લસ પર એકતા કપુરની ક્યુકી સાસ ભી કભી બહુ થી.. કહાની ઘરઘર કી, કસોટી જીંદગી કી, હમ પાંચ જેવી સીરીયલો પણ નારીના જીવનના સંઘર્ષની જ વાત કરે છે. બાલિકા વધુ સીરિયલમાં બાળ વિવાહ અને તેના દુષ્પરિણામો દર્શાવવામાં આવ્યા છે. જેમાં આંનદી નામની નાનકડી છોકરીના લગ્ન જગદીશ સાથે ધનિક કુટુંબમાં થાય છે અને નાનપણમાં લગ્ન થવાથી તેને કેવા કેવા પ્રકારના કષ્ટ ભોગવવા પડે છે તેનુ ચિત્રણ રજુ થયું છે. દિયા ઓર બાતી હમ માં સંધ્યા એક મહત્વકાંક્ષી અને શિક્ષિત યુવતી છે. જે તેના પિતાના આઈ.પી.એસ. અધિકારી બનવાના સપનાને આગળ વધારે છે. એક હલવાઈ સુરજ સાથે તેના લગ્ન થાય છે ઘરની જવાબદારી અને આઈ.પી.એસ.ની ભૂમિકા ના તાણાવાણા વચ્ચેના સંધ્યાના સંઘર્ષની વાત છે. સાથ નિભાના સાથિયા, કુમ કુમ ભાગ્ય, પવિત્ર રિશ્તા જેવી અનેક સિરિયલ ટેલીવિઝનનાં નાના પડદા પર મહિલાઓની સ્વાયતતા અને તેની આત્મનિર્ભરતાના દર્શન કરાવે છે.

**ઉપસંહાર :**

શરુઆતમાં મીડિયામાં ખુબ જ ઓછી મહિલાઓ કામ કરતી જોવા મળતી હતી. આજે સ્થિતિ અલગ છે. આજે દરેક જગ્યાએ ભલે ને તે પ્રેસ હોય, ફિલ્મ હોય કે ટેલીવિઝન હોય દરેક ક્ષેત્રે મહિલાઓ આત્મવિશ્વાસ સાથે કામ કરે છે અને તેના કારણે આજે મહિલા જાગૃત અને સશક્ત થઈ છે. આજે નારીપ્રધાન લેખો, નારીપ્રધાન ફિલ્મો અને નારીપ્રધાન સીરિયલોના પ્રભાવને કારણે વાસ્તવિક દુનિયામાં પણ સ્ત્રી ઘણી જાગૃત બની છે અને પોતાના અધિકારો મેળવતી થઈ છે. મીડિયાના પાત્રોના પ્રભાવ આજની સામાન્ય સ્ત્રીઓ પર પણ પડી રહ્યા છે.

ટુંકમાં કહીએ તો આજે મીડિયા ના પ્રભાવથી મહિલા સશક્તિકરણ ને જોર મળ્યુ છે અને આજની સ્ત્રી ભવિષ્ય પ્રતિ જાગૃત અને આત્મનિર્ભર બની છે. સાથે સાથે પોતાના અધિકારો પ્રત્યે પણ જાગૃત થઈ છે.

**સંદર્ભ સૂચિ :**

[1]. રામપ્રકાશ દ્વિવેદી (2013) : ઈલેકટ્રોનિક મીડિયા ઓર સિનેમા(હિન્દી), પ્રાંસગિક પબ્લિશર્સ એન્ડ ડિસ્ટ્રીબ્યૂટર્સ.
[2]. સુધીશ પચૌરી (1994) : દુરદર્શન : દશા ઓર દિશા(હિન્દી), પ્રકાશન વિભાગ.
[3]. ચંદ્રપ્રકાશ મિશ્ર(2003) :મીડિયા લેખન : સિદ્ધાંત ઓર વ્યવહાર(હિન્દી), સંજય પ્રકાશન.
[4]. ડૉ. ધર્મેન્દ્ર સિંહ (2010) : સુચના, સમાજ ઔર સંચાર (હિન્દી), નેહા પબ્લીશર્સ એન્ડ ડિસ્ટીબ્યૂટર્સ.
[5]. રાધાકુમાર(2011) : સ્ત્રી સંઘર્ષકા ઇતિહાસ(હિન્દી), વાની પ્રકાશન.
[6]. http://hindi.webdunia.com/article/literature-apna-manch media and woman
[7]. http://en.m.wikipedia.org/wiki/Hum_Log_(T.V_Series)
[8]. http://en.m.wikipedia.org/wiki/Lado_(T.V series)
[9]. http://en.m.wikipedia.org/wiki/Diya_Aur_Bati_Hum)
[10].http://aajtak.intoday.in/gallery/top-10-woman-centric-film-of-bollywoor-1-5048.html
[11].http://www.gogal.com/amt/s/rudreshmishra.wordpress.com/2013/03/19

RRIJM 2015, All Rights Reserved 